# ॥ રામકબીર ॥





**શ્રી તુલસી મંદિર**
**વડનગર**



શ્રી
રામ કબીર

સદગુરૂ શ્રી જીવણજી મહારાજની કૃપા હજો
સદગુરૂ શ્રી કૃષ્ણજી મહારાજની કૃપા હજો
સદગુરૂ શ્રી મણીલાલજી મહારાજની કૃપા હજો
વાણી, આરતિ, સવારનાં ભજન, બપોરના ભજન,
સંધ્યા આરતિ, રાત્રીનાં ગવાતાં પદોનો સંગ્રહ
તેમજ પારાયણનો સમાવેશ કરેલ છે.
(પ્રથમ વિશ્રામ)

## માં બાપ ને ભુલશો નહી

માં બાપ ને જગ માં ભુલશો નહી, એને ભુલી ભુલીને ભવમાં ભટકશો નહી
એના ઋણ નો બદલો ચુકશો નહી,એના દુધના કરજ કદી ભુલશો નહી
એ જીવન માં એના તો ઋણ ઘણા,એ ના મુલ ને કોઇ મૂલવશો નહી
એના ઋણને ભુલીને ભટકશો નહી, એની સેવાનો અવશર ચૂકશો નહી
માં બાપ ને જગતમાં.............
જેણે જીવન દઇને જતન કર્યા,લાડ કોડને એણે પૂરા કર્યા
એના ઘડપણના સપનાને તોડશો નહી,એને ઘરડારે ઘરમાં મૂકશો નહી
માં બાપ ને જગતમાં.............
મા બાપના કરજને જે કોઇ ભુલે, એ મુરખો મટીને નરકે પડે
જેવુ કરશો તમો તેવુ પામશો અહી, એ જીવનમાં કદી તમે ભૂલશો નહી
માં બાપ ને જગતમાં.............
એના હૈયામાં હેતને પ્રિત ઘણા, એના અંતરમા અમીના છે ઝરણા
એના હેતને પિઆત તમે ભુલશો નહી, ઘડપણમાં હૈયા એના બળશો નહી
માં બાપ ને જગતમાં.............
દૂઆ યાએ માવતર ની જીવતરમાં, સાચૂ તિરથ જગતનું ભૂલશો નહી
ખોટી ભટકી ને મલખો લજવશો નહી, માં બાપ ને જગતમાં...........

## ॥ સંપુટ ॥

સ્વામી કૃપા કરો અતિ ઘણી ॥ સ્વામી ॥ ભાજો અનેક વિચાર ।
અચલ ભક્તિ દે તાહરી જે છે મુક્તિ ભંડાર ॥ પાયે લાગી કરુ વિનંતી ॥

## ॥ આરતી ॥

આનંદે આરતિ હરખ અપારા, હરિજન આયે મેરે પ્રાણ આધારા ।
સંતો દરશન મેરે ત્રણ તાપ નિવારે, જન્મ મરણ ભવસાગર તારો ।
સાકપાક મલી ભોજન પાવો, સંત સંગત મલી હરી ગુણ ગાવો ।
ઘેરઘેર મંગલ હોત બધાઈ, જનજીવણ તહાં બલ બલ જાઇ ।
આનંદે આરતિ હરખ અપારા, હરિજન આયે મેરે પ્રાણ આધારા ।

**પારાયણ કરતા પહેલા અને પારાયણ કર્યા પછી બોલવી.**

**રામકબીર નામની ભક્તિ - એનાથી છે મુક્તિ**

### પ્રસાદી લેતી વખતે બોલવું

રામ કહે સુખ ઉપજે, કૃષ્ણ કહે દુઃખ જાય,
મહીમા મહા પ્રસાદકો, પાવો પ્રેમ લગાય,
પ્રસાદ લઇ પાવન થયા, પૂર્યા મનના કોડ,
ધન્ય ધન્ય નાગર નરસૈયો, જેને ઘેર પધાર્યા રણછોડ,
સિયાવર રામચન્દ્ર કી જય,
બોલો રે ભાઇ સબ સંતનકી જય

**શ્રી રામ કબીરશ્રી મણીલાલ મહારાજની જય**

**રામકબીર નામથી થશે શુધ્ધી-નિર્મળ કરશે બુધ્ધિ**

# વાણી

પરબ્રહ્મ વાણીરિ પરણીએ । બ્રહ્માંડ જય જયકાર રે ॥
ચાર ખાણ હવે નિર્મલી । ભાગ્યે મોહ સંસાર રે ॥ ૧ ॥
લેખાં તે વાચાઁ રે જમ તણા । ઉઠીયા નરક વહેપાર રે ॥
બંધન છૂટ્યાં રે જીવના । સહુ મુગતુ હોએ આવાર રે ॥ ૨ ॥
મુક્તા સૌ સ્થાવર જંગમ । મુક્તા સુર નર નાગ રે ॥
મુક્તા સસ ઋષિ નવગ્રહે । મુક્તા મુનિવર જાગ રે ॥ ૩ ॥
હરિ હર બ્રહ્મા આનંદિયા । ઘેર ઘેર ઓચ્છવ હોય રે ॥
ઉલટ હોય રે અતિ ઘણો । ગાઇસુ વાણીનો નાહો રે ॥ ૪ ॥
ઘેર ઘેર ઘોડલી ઉછલે તારિયા તોરણ બાર રે ॥
બ્રહ્માંડ ફૂલ ફગર ભર્યા । છએ રત હર્ષ ઘરે જો રે ॥ ૫ ॥
દેવચંદન હોય છાંટણા । હરખીયા બારેજ મેઘ રે ॥
શંખ પંચાયણ પૂરીઓ । ભુવન ગાજ્યો નિર નિરઘોષ રે ॥ ૬ ॥
લક્ષ્મીનાથ નારાયણ । અતિ હરખ્યા મન મન માંહે રે ॥
શંકર તાણ્ડવ નાચીઆ । વ્યાપિયો ભુવન વિસ્તાર રે ॥ ૭ ॥
મુકુટ વછૂટી રે ગંગા । સલકીઓ વાસુકિ નાગ રે ॥
સહસ્ર અઠાસી રે સરસા । બ્રહ્મા વેદ ભણે જો રે ॥ ૮ ॥
જહાં લગી હતો કુંવારડો । પરબ્રહ્મ વાણીનો ભરથાર રે ॥
તહાં લગી સંકુટ બંધન । સુખ નહિં એકુ એકવાર રે ॥ ૯ ॥
સુખીઆં તે સીઅલ બ્રહ્માંડ હવાં । હવે પરણ્યા જોગ જગનાથ રે ॥
આનંદ પરમાનંદ હવો । ભાગ્યાં સંકુટ મહા દુઃખ રે ॥ ૧૦ ॥
દુઃખ તે ભગ્યાં રે દોહેલાં । આત્મા નિરમલ હવો રે ॥

રૂપ તે લખ ચોરાસી ના । ઓઢવલાં સર્વે સર્વે ભાગ્યાં રે ॥ ૧૧ ॥
ભાગી ત્રિભુવન કલ્પના । એકજ હવો આનંદ રે ॥
જય પરમાત્મા પરબ્રહ્મ । જય જય જગદાધાર રે ॥ ૧૨ ॥
બ્રહ્માડ કોડ છે ધોડલી । ઘેર ઘેર મંગલ ચાર રે ॥
નહી દિન, રાત નિંદ્રા । નહીં પલ જુગ કલ કલ્યાંત રે ॥ ૧૩ ॥
ક્ષુધા તૃષા નહી નિંદ્રા । ચિંતા નહી ઘર ઘર ધંધો રે ॥
સચરાચર સહુ તૃપત । સુખ પરમાનંદ હર્ષા રે ॥ ૧૪ ॥
અવર કાંઇ નવ જોઇએ । ગોતાં સહુ કોનાં ભાગ્યાં રે ॥
રાજાજી બેઠા છે પરબ્રહ્મ । આગલ સંતો માનીતા રે ॥ ૧૫ ॥
અવર સર્વ ગુણે જપ કરો । ચત્રુભુજ રૂપ ધરે જો રે ॥
અવર મુખે નહીં બોલવું । કેવલ રામ જપજો રે ॥ ૧૬ ॥
જન્મ જરા મૃત ભય નહીં । અવર નહી કસું કસું કાજ રે ॥
એકજ તુ અવનીશ્રાવર । આનંદિય સર્વે સર્વે સંતો રે ॥ ૧૭ ॥

( ॥ ઈતિ શ્રી વાણી સંપૂર્ણ ॥ )

**સંત, સાધુ, સેવા મુક્તિનું દ્વાર છે.**

## ॥ આરતિ ॥

આનંદે આરતિ હરખ અપારા,
હરિજન આયે મેરે પ્રાણ આધારા ।
સંતોદરશન મેરે ત્રણ તાપ નિવારો,
જનમ મરણ ભવસાગર તારો ।
સાકપાક મલી ભોજન પાવો,
સંતસંગત મલી હરિગુણ ગાવો ।
ઘેર ઘેર મંગલ હોત બધાઇ,
જન જીવન તહાં બલ બલ જાઇ ।
આનંદે આરતિ હરખ અપારા,
હરિજન આયે મેરે પ્રાણ આધારા ।

**(રામકબીર નામ હીરો-શોધી લ્યોને વીરો )**

## ॥ આરતિ ॥

આનંદ મંગલ કરૂં આરતી સતગુરૂ સંતની સેવા
પ્રેમ કરીને મારા મંદિરે પધારો, સુંદીર સુખડા દેવા ॥ આનંદ ॥
સંત દર્શનત્રણે તાપ નિવારે, સદગુરૂ દર્શન મેવા ॥ આનંદ ॥
મારે આંગણિયે સંત બિરાજે, ચરણ કમલ કરૂ સેવા ॥ આનંદ ॥
અડસઠ તિરથ મારા સંતોના ચરણે ગંગા જમના સેવા ॥ આનંદ ॥
સંત મળે તો મહસુખ થાયે, ગુરૂજી મળે તો મેવા ॥ આનંદ ॥
સંત સેવા નિત કીરતન ઓચ્છવ, સંત સમાગમ કિજે ॥ આનંદ ॥
ત્રિભુવન તારણ જગત ઓધારણ, મુરત અકલ અભેવા ॥ આનંદ ॥
બાઇ મીરાં કહે પ્રભુ સંતન કે ગુણ,
હરીના સંત હરી જેવા .... ॥ આનંદ ॥

**(રામકબીર નામનો જાપ-કાપે સઘળા પાપ)**

**શ્રી રામકબીર - રાગ :- ટોડીના ભજન - ૧ : પ્રાત : કાળ**

આજ સમરે મારા સર્વે દુઃખ જાસે,
દુઃખ જાસે ને સુખ થાસે રે ।
માતા કૌશલ્યાજી ને પરતાપે,
રૂડા રામજીનાં દરશન થાશે રે .......... ॥ ટેક ॥
રાજા દશરથનો નોધડીયો,
મારા પ્રાણ થકી મુને ગમશે રે,
ઝાંઝરડી ઘુઘરડી પાવલીઓ,
મારો વાલમોજી આંગણીયામાં રમશે રે. ॥ ૧ ॥
નિરાકાર નિરલેપ નીરંજન,
વેદ વખાણે જે ને રે,
રૂદીયા સાથે ચાંપી ને બાટે,
તો સાયણુ દેશે તેહ ને રે .............. ॥ ૨ ॥
રેચક કુંભક પૂરક ભરીયો,
પેલા જોગીડા તે ધ્યાન જ ધરસે રે ;
બાળ ચરિત્ર પવિત્ર ગુણ ગાતાં,
જન જશવંત રે, ભવસાગર તરસે રે ..... ॥ ૩ ॥

**(ટોડી - ૨)**

બહોત અપરાધ કીયો મેં માધો,
મેં જનમો જનમ અપરાધી ;
કરૂણા મે કરૂણા નિધિ કેશવ,
તુમારી ભક્તિ ન સાધી ........॥ ટેક ॥
પતિતન મે મહાપતીત શીરોમણી,
મે રોમ રોમકા ખોટા,
નિરમલ નિરમલ નામ નારાયણ.
સુમરી સુમરી જન છુટ્યા ......॥ ૧ ॥
માયા મોહ વિષય રસ બાહ્યો,
દીના નાથ મોરારી,
જન જ્ઞાનીકા કરો ને નીવેડો
આયો મે શરણ તુમ્હારી .......॥ ટેક ॥

(ટોડી - ૩)

માધોજી મેરા જનમ નિવારો,
કહાજી - બહોર જ્યારે પર જારો ;
દો દુઃખ મેટો સાહેબ મેરા,
આગે ધન ઓર, ગર્ભબસેરા ...॥ ટેક ॥
આવત જાત બહોત કઠણાઇ,
રાખી લ્યો સંતન શરણાઇ,
આવા ગવન કા તોડો ને દોરા,
તુમારી હાંસી મરણ હે મેરા માં...(૧)
જો જન દુઃખીયા તુમ દુઃખ ફેડો,
બોહોત રામજી તુમ પસ્તાઇ
કહેત કબીર સુણો રઘુરાઇ,
તુમ સુરામ કાહે ચતુરાઇ મા......(૨)

(ટોડી - ૪)

મારે ઘેર આવો તો એણીપેરે આવજો,
જે રે માગુ તે લાવજો રે,
ભાવ ભક્તિ ને દીન ગરીબી,
બીજુ ચરણ કમળ ફળ લાવજો રે
મારે ..... ॥ ટેક ॥
જોરે આવો તો નહી દેઉં જાવા,
ને એવું છે મન મારૂ રે,
અખંડ હેવાતન એટલું રે માગું,
મરા રૂદીયામાં ધ્યાન તમારૂ રે
મારે ....... ॥ ટેક ॥
તમો વિના મુને એવું રે લાગે,
પુરૂષ વિના જેમ નારી રે ;
એકવાર રોહીદાસજીને મંદિરે પધારો,
પ્રભુ રાખોને લાજ હમારી રે,
મારે ..... ॥ ટેક ॥

## રાગ સારંગના ભજન (બપોરે)

આનંદ કો ઘર પાયો રે,
અબહમ આનંદ હો ઘર પાયો રે,
જબસે કીરપા ભઇ સત્ય ગુરૂ કી,
અનભે નિશાન બજાયો રે.... ॥ ટેક ॥
કામ ક્રોધકી ગાગર ફૂટી,
દૂરમતિ દૂર બહાયો;
હદ છોડી બેહદ ઘર આશન,
ગગન મંડલ મઠ છાયો...... ॥ ૧ ॥
પ્રેમ પ્રીત કો કીયો હૈ ચોલનો,
સુમતી કો ટોપ બનાયો,
ત્યજી પ્રપંચ વેદ મત કિયા,
ચરણ કમલ ચીત લાયો...... ॥ ૨ ॥
ધરણી ને ગગન પવન નહીં પાણી,
તાંહા જાઇ મઠ છાયો ;
કહેત કબીર મે પીયાજી કે પ્યાસી,
પીયુ પીયુ રટ લાયો ........ ॥ ૩ ॥

## સારંગ - ૨

એક પલક જો રહીએ,
મયુરા મે એક પલક જો રહીએ ॥ ટેક ॥
જનમો જનમો કો પાપ કટત હૈ,
કૃષ્ણ કૃષ્ણ મુખે કહીએ...... ॥ ૧ ॥
શીતલ જલ જમનાજી કો નીકો,
રૂચિત રૂચિત જલ પીએ..... ॥ ૨ ॥
સુરદાસ પ્રભુ તિહારે મિલન કુ ;
ભાગ્ય વિના કહાસે લૈ એ ..... ॥ ૩ ॥

(રામ કબીર નામ ને સેવા - અમૃતફળ છે મેવા)

## સારંગ - ૩

બોહોત ગુમાન ભરી,
મોરલી તું બોહત ગુમાન ભરી,
જાત ભાત તોરી સબ કોઇ જાણે,
જંગલ કી લકડી............. ।। ટેક ।।
એ પણે રે તન પર છેદ પડાવે,
બાળપણ મેં બિગડી,
રતન સિહાસન ચઢકર બૈઠી,
મોહને અધર ધરી........... ।। ૧ ।।
વૃંદાવન કી કુંજગલી મે,
રાધે સુઝઘડી,
સુરદાસ પ્રભુ તિહોર મિલન કુ,
સંગત સે સુધરી ............ ।। ૨ ।।

## સારંગ - ૪

ખેતી કરો હરિ નામ કી,
સંતો ખેતી કરો હરી નામ કી,
તન કરો ભોમને મન કરો હળુવા,
સુરત રાખો ગુરૂ જ્ઞાન કી .....।। ટેક ।।
એ ખેતી કો કર નાહીં બેસે,
ફિકર નહી કછુ દામ કી ;
સુરદાસ પ્રભુ તિહા રે મિલન કો,
અરજ સુણો ખજાં જાણ કી ...।। ૧ ।।
રામકબીર નામ ને રટો - ભવસાગર ટાળો

**(અથ શ્રી રાગ સંધ્યાગોડી કીરતન)**

## સાખી

## ગોડી ... ૧

શ્રી ગુરૂને પાય લાગું - પરથમ પહેલો, શ્રી ગુરૂને પાય લાગું
કરોરે કિરપા ગુરૂજી ગોવિંદ ગાઈએ, બીજું કાંઈ ના માગુ.... ॥ ટેક ॥
દો ઉપદેશ સદા સુખકારી, જેણે મન નિરમલ થાયે,
કામ ક્રોધ લોભ મોહ મમતા, વિકાર સઘલો જાયે । પરમથ ..॥૧॥
સંતની સંગત સદા ગુરૂ સેવા, ઔર સકલ ભ્રમણા ત્યાગી,
જન્મ મરણ ઓર આવા ગવન રહિત,
હરિ ચરણે અનુરાગી । પરમથ ..॥ ૨ ॥
અનહદ શબ્દ સહેજ ધુનિ ઉપજે, ચરણ કમલ નિજ વાસા,
ચાર પદારથ દીયો ગુરૂ મેરે, ગાવત જન રોહિદાસા । પરમથ ॥૩ ॥

## ગોડી .... ૨

રૂમઝુમ રૂમઝુમ ગોવિંદ આવે,
હરિ હરિ હાથ બેન મુખ મોરલી બજાવે
દેવકીકે આંગણામેં તુલસીકો વડવો,
હરિ જશોમતિ આંગણામે ખેલો પ્યારે લલના
દુર ખેલન જીન જાવરે ઢોટાવના,
હરિ સાંઝ પડેને ઘેર આવો પ્યારે લલના.
જમુનાકે નીર તીરિ ધેન ચરાવે,
હરિ ગૌધનકીર સંગ નિરખત આવે.
કહેંત કબીર મેરો રોવન સો ગાવના,
હરિ તીન લોક રમી રહ્યો રે ઢોટા વિના.

(રામકબીર નામ છે નાનું - મોક્ષનું ખોલે પાનું ।

## ગોડી ... ૩

ગૌચારીને ઘેર આવે-વહાલોજી મ્હારો, ગૌચારીને ઘેર આવે.
પીંડારાએ પરવરીયો મોહન, મધુરસી મોરલી બજાવે...
ટેક

ગુંજાને ફલનો હાર મનોહર, મોર મુગટ શિર સોહે.
શ્યામ તણી સુંદિરતા જોઇને, બ્રિજનારીના મન મોહે..
વહાલો

અગર ચંદનના છાંટણા છંટાવું, મોતીડે ચોક પુરાવું.
નરસૈયાચા સ્વામી મારે મંદિરે પધારો, આણી શેરીયે ફુલ પથરાવું.
વહાલો

## ગોડી ... ૪

વાટ જુવે બ્રિજનારી-વહાલા તારી વાટ જુવે બ્રિજનારી
ઘેલી થઇ ગોવિંદ તમો વિના, વેલા આવો વનમાલી .... ટેક
કંચન થાલ ભરી મુક્તાફલ, ગોપી રહ્યાં છે ઠાડી.
ઓ પેલા આવે વનમાલી, વનમાંથી ગઉ ધન ચારી..... વહાલા ૧
અસુર થયુંને ભાણજ આયચ્યો, ના આવ્યાં કુંજ બિહારી
સુંદર મુખ જોવાને કાજે, ઉભા છે રાધે પ્યારી.......... વહાલા ૨
મોર પીચ્છ શિર મુગટ બિરાજે, શામરીસી મુરત સારી,
નરસૈયના સ્વામી મારે મંદિરે પધારો,
હેતે જાઉં બલીહારી ..... વહાલાં ૩

## અથ શ્રી આરતિ... ૧

પરબ્રહ્મ પદ્મનાભ પુરૂષોત્તમ પેઢે નહી એ,
હરિ અવિગતિ ગોવિંદ સંત, સાર કરો શ્રીપતિ ધણી એ....... ||૧||
હરિ ચત્રુભુજ શ્યામલવરણ, શારંગધર સોહામણું એ,
હરિ રૂઅડલુ વૈકુંઠરાય, દુષ્કૃત હરણ દામોદરો .... એ ......||૨||
હરિ નિરંજનનિરાકાર, નિઃકંલ પુરૂષ આહારાઇ એ,
હરિ ગાઇએ દ્વારકાં રાયુ, શ્યામલવરણ સોહામણો ... એ ....||૩||
હરિ સેવો સમરથ સાર, પાર જેહનું કોઇ નવ લહે એ,
હરિ સોઇ એ છે અવિનાશ, વાસ આપે વૈકુંઠ ધણી ...એ ....||૪||
હરિ માધવ મુકુંદ મોરાર, મહાવ દેવ સોહામણો એ,
હરિ ભગત મુગત દાતાર, નારાયણ છે નિરમલો ...એ ....... ||૫||

**( ભજન કરો ને ભાવે - ફરી યોની નહી આવે. )**

સદા શારંગધર સુવિચાર, પારલો કહનૈયા આત્મા એ,
ઔ આ વેગ મલાયે સમવાર, તારને ત્રિભુવન ટલવલે ..એ ...||૬||
જીવડો મોહ્યો છે કલિ માંહે, કલિકાલે જીવ ઝંપિયો એ,
હરિ વીનાના લહે કમ રે ઉસાસ, સાસડો સ્વામી શારંગધર .એ ||૭||
સદા વૈષ્ણવ મન રે ઉછાહ, આનંદ અંગ ઉલટ એ,
ભલે આવિયા પરબ્રહ્મરાય, વહાલુ વૈષ્ણવજનમાં પરવર્યું .એ .||૮||
હરિનો વરત્યો જય જય કાર, સાર બોલ હવે સુમધુર એ,
હરિનો આવ્યો રે મન વિશ્વાસ, પાશ છુટ્યા ચાહો ખાણના .એ .||૯||
બાપ ઘેર ઘેર વૈકુણ્ઠવાસ, દાસ તમારા વિનવે એ,
ભલે આવિયા પરબ્રહ્મરાય, સમરથ ધણીને સંતે સેવીઆ એ .||૧૦||

**( આત્માજ્ઞાન એ સૌથી મોટું જ્ઞાન છે )**

## આરતિ ... ૨

આરતિ બંધિ છોડ સમરથકી, પાવન નામ મુગત હોય જીવ કી,
પાવન આરતિકર પ્રથમી પાવ ધારા,
સત જુગમાં સત શબ્દ પ્રકાસા ..॥૧॥
આરતિ કરજુગ પ્રગટે આઇ, ત્રેતા રઘુપતિ નામ ધરાવે,
આરતિ કર મુખે મંગલ ગાવે, દ્વાપર મેં કૃષ્ણનામ ધરાવે ..... ॥૨॥
આરતિ કરકર બંધી રે આસા, કલજુગ માંહે કબીર પ્રકાશા,
ચારારે યુગ ધરો એક શરીરા, આરતિ ગાવે હો દાસ કબીરા ....॥૩॥

( રામકબીર નામ મોટું - સ્ત્રી પુત્રાદી ખોટું )

## આરતિ ... ૩

આનંદ આરતિ હરખ આપાર, હરિજન આયે મેરે પ્રાણ આધાર ।
સંતો દરશન મેરે ત્રણ તાપ નિવારે, જનમ મરણ ભવસાગર તારે ।
સાકપાક મલી ભોજન પાવો, સંત સંગત મલી હરિ ગુણ ગાવો ।
ઘેરઘેર મંગલ હોત બધાઇ, જનજીવન તહાં બલ બલ જોઇ ॥
આનંદ આરતિ હરખ આપાર, હરિજન આયે મેરે પ્રાણ આધાર ॥

( રામ કબીર નામ લેજો - ચરણાંની સેવા લેજે )

## પ્રણામ કરવા રામકબીર ૧૦૮ વાર

### અથ શ્રી રામ મંજરી

જય જય શ્રી રામ સુમરો રામ ધન સાચો,
રામ હી જનકું આગે વાંચો ..... ॥ ટેક॥
રામ હી ગાવો રામ હી ધાવો, રામ સનેહી નિજ મન લાવો .... ॥૧॥
રામ હી સેવા રામ હી પૂજા, રામ સમાન દેવ નહી દૂજા ........ ॥૨॥
રામ ભક્તિ મુક્તિ કે દાતા, રામ લક્ષ્મણ ભક્તન કે સાથા .... ॥૩॥
ભરત શત્રુધ્ર લક્ષ્મણ ભાઈ, રધુપતિ મહિમા કહ્યો ન જાઈ .... ॥૪॥
રામનામ ધન અનંત અપારા, રામ નામ શિવ રુદિયે ધાર્યા.... ॥૫॥
રામનામ પૂરણ અવિનાશી, રામ કહેતા જમ કાટે ફાસી ....... ॥૬॥
રામ કહેનકી બહોત બડાઇ, રામનામ સંતન સુખદાઇ ........ ॥૭॥
રામ ચરણ રૂદયે રાખો, રસના નામ રસાયણ ચાખો ......... ॥૮॥
રામહી માતપિતા કુળદેવા, રામહી સુમરણ રામહી સેવા ..... ॥૯॥
રામનામ તો સબથે ન્યારા, રામ નિરંજન જ્યોત અપારા ... ॥૧૦॥
રામ હી સંતન માંહિ બિરાજે, રામ અવધ પુરીમાં ગાજે .... ॥૧૧॥
રામહી સાહેર સેતુ બંધાયો, રામ જાકર બંધ છોડાયો ....... ॥૧૨॥
ભક્ત હેત કે કારજ કીનો, ધનુષ બાણકર સારંગ લીનો...... ॥૧૩॥
રામે પૃથ્વીકો ભાર ઉતાર્યો, અપનો કારજ આપ સમાર્યો ... ॥૧૪॥
દશ શિર છેદ સીતા લે આયે, રામચંદ્ર સાધુ મન ભાયે ...... ॥૧૫॥
સીતા રામ કી કીર્તિ ગાઉં, સીતા રામકું શિશ નમાઉં ........ ॥૧૬॥
સીતા રામ કે દરશન આયે, લંકા રાજ વિભીષણ પાયે ...... ॥૧૭॥
રામનામ પ્રમસુ ગાવે, બહોર યોની સંકુટ ન આવે ..........॥૧૮॥

**( રામકબીર નામ સહેલું - મનથી જાય મેલું )**

રામનામ પ્રમસુ ગાવે, બહોર યોની સંકુષ્ટ ન આવે ..........॥૧૮॥
રામ હી સખા રામ હી સાથી, રામનામ લેઇ ઉગર્યો હાથી .. ॥૧૯॥
રામે જન પ્રહલાદ ઉગાર્યો, રામે તો હરણાકંસ માર્યો........ ॥૨૦॥
રામ હી દાસ કબીર ઓધાર્યો, રામે દ્રોપદિકે કારજ સાર્યો... ॥૨૧॥
પીપા નામે રસાયણ પીયો, પરશુરામ તો નામે જીવ્યો ..... ॥૨૨॥
નામદેવે નામ હી ગાયો, ત્રિલોચન ઘેર નામે આયો.......... ॥૨૩॥
રાંકા વાંકા રામાનંદ, પાયોપૂરણ પરમાનંદ ................. ॥૨૪॥
ધના સેની રોહિદાસ બિચારા, રામ હી જીવણ રામ આધારા.॥૨૫॥
જયદેવ પ્રેમાનંદ સુરદાસા, અનંત કોટિ રામજી કે દાસા...... ॥૨૬॥
આદ અંત મધ્ય રામ જ હોઇ, રામનામ ચિત્ત રાખો પ્રેરોઇ.. ॥૨૭॥
રામ મંજરી રામજીકી માળા, રામકૃપાલો દીન દયાળા ..... ॥૨૮॥
રાધો ચેતન જીવન રામ, સબસંતનકે પૂરણ કામ........... ॥૨૯॥

**(રામકબીર નામ છે બેલી - કદી ના મૂકે ઠેલી )**

## સાખી

રામનામ જીણે સાચ કીયો, પ્રહલાદ કીનો સહાય,
રાધો ચેતન યૂં કહે, સંત ભવસાગર તરી જાય .... ૧
કથા કીરતન રામ ધન, સંતન માંહી કરે પ્રવેશ.
રાધો ચેતન યૂં કહે, સોહી ઉત્તમ દેશ ... ૨
રામ મંજરી નિત પઢે, મંજન હોત શરીર.
રોધો ચેતન યૂં કહે, સંત હિરદે વસો રઘુવીર ... ૩

**ઇતિ શ્રી રામ મંજરી સંપૂર્ણ**

**સદવિચારથી સુખની પ્રાપ્તિ થાય છે.**

## રાગ - કલ્યાણના ભજન-૧ (રાત્રે)

સંત સમાગમ કીજે રે ભાઇ,
સંત સમાગમ કીજે રે ભાઇ,
જાન અજાન છુવે પારસ કો,
પલટ લોડા કંચન હો જાયે .....ાટેકા
ભાત ભાત બનરાયન કહીએ,
ભિન ભિન વાકો ના ઘરાઇ,
ચંદન કી વાંસુ વાસ લગત હે,
ચંદન હોત બેરના લાઇ......... ॥૧॥
નૈકા રે રૂપ કહીયે સંત સંગત,
તામે જે કોઇ બેંકે આઇ,
આન ઉપાય નહિ તરવે કો,
સુંદર કાઢી રામ દુહાઇ.......... ॥૨॥

## કલ્યાણ - ૨

હરિકે જન સબતે અધિકારી,
પ્રભુ કે જન સબ તેં અધિકારી,
શિવ વિરંચિતે કૌન બડો હે,
તાકે સેવક ફિરત ભિખારી ...... ાટેકા
જાચક પે જાચક કહા જાચે,
જો જાચે તો રસના હારે,
દાસી કો સુત શોભા કૈસા પાવે,
પુત્ર કોનકું કહત પિતા રે, હરિકે .......
તાકી સાખ દેવું હિરણાકંસ,
રાવણ કુટુંબ સહિત સંહારે,
જન પ્રહલાદ પ્રતિજ્ઞા પાળી,
અજહુ વિભીષણ રાજ કરત હૈ, હરિકે..
જિનકું કૃપા ભઇ રઘુવર કી,
તાકી સકલ આપદા ટાળી,
સૂરદાસ ભગવંત ભજન વિના,
જનુની બોજ ભારકીત મારી હરિ કે.....

## લોઢીકારજ

માયારે સીકોતરી આત્મા ધાર્યો,

મલીન મંત્ર વિષ આદિક ભાર્યો રે ......... ॥૧॥

પામ્ય શરણ હરિ પરબ્રહ્મરાય,

ગર્ભટાલેવા નથી અનેરો ઉપાય રે ......... ॥૨॥

પરબ્રહ્મ નામે મંડલ પુરાવો,

સમરણ નરસિંહ વીર બોલાવો રે .......... ॥૩॥

પરબ્રહ્મ નામે મહામંત્ર સાધો,

ઈન્દ્રિ સહિત નિશ્ચલ મન બાંધો રે ........ ॥૪॥

ક્ષિતિ જલ ગગન પવન નહી તેજ,

તહીએ તુ સ્વામી મહારા પરબ્રહ્મ એક રે .. ॥૫॥

ચરાચર પ્રગટ અભંતર જીવ સ્થાપ્યો,

નરક વીડંબવા જમ કર આપ્યો રે ......... ॥૬॥

આતમા પે તું કર્મ કરાવે, કર્મ ભોગવવા દેહ ધરાવે ........... ॥૭॥

જન્મ મરણ વશ આતમા વગોયો,

ડસભરી તાહેરા નામ શું ન રોયો રે ........ ॥૮॥

જહીએ રે સ્વામી તમો વડપત્ર સુતા,

તહીએ આત્મા કહો કહાં હુતા રે .......... ॥૯॥

અણછતો ભગત વિનતી કરજોડ, તું મીલે હવે સંકુષ્ટ છોડ રે . ॥૧૦॥

**પવિત્રતાનું મૂળ સદાચાર છે.**

ભજન

ગુરુજી યાદ તમારી આવે ... ગુરુજી તમારી યાદ આવે
નયનોમાં નીર વહાવે ... ગુરુજી તમારી યાદ આવે
રડતા રહ્યા છે ભક્તો આજે
શોક છાયો ઘણો ભારી
પુછી રહ્યા છે આંસુ આજે
ઉંડા ધર્મે નર નારી
ક્યાં સંતાયા પ્રભુજી મારા, કોન મને મનાવે - પ્રભુજી ....
ભક્તો આજે શોધી રહ્યા છે
સંત આજે ખોવાયા
મણીલાલ મહારાજ આજે નરસૈયો કહેવાયા
શોધ્યા હોય તો બતાવજો કોઇ, રાહ જોઉં છું રોજ
ગુરુજી યાદ તમારી ...

---

સત્કર્મની કમાઇ મોટું ધન છે

---

વાયુ સાથે વાતો કરતા
તુલસી મંદિરમાં સંત
યાદ કરી ભક્તોના હૈયામાં
વહે છે જમુના ગંગામાં
બાબુભાઇ ને દાદા વીના, કોણ દર્શન કરાવે
ગુરુજી યાદ તમારી ...
દાસ કહે છે લાલ ખોવાય
ઝાંખી કરજો રોજ
વડનગર તુલસી મંદીરમાં, ઝંડો ફેરવજો રોજ,
તારીખ છવ્વીસ આઠ અડસઠની યાદ આવે
ગુરુજી તમારી યાદ આવે

---

ગુરુદ્વાર એ મોક્ષનું સ્થાન છે.

---

॥ રામ કબીરાય નમઃ ॥
॥ શ્રી ૧૦૮ જીવણજી મહારાજની કૃપાથી ॥
॥ શ્રી ૧૦૮ મણીલાલજી મહારાજની જય ॥
॥ અથ શ્રી અધ્યારૂજીનાં કીરતન ॥
અથ શ્રી ગરૂવા ગણપતિનો રાસ ॥ ૧ ॥

ગરૂવા ગણપતિ દેવ મહોદર । વિઘન નિવારણ સ્વામી સહોદર ॥
ચરણે પ્રણામ કરે સો ॥ હરિ હરિ ॥ ૧ ॥
વીણા પુસ્તક કર આરોપે । હંસ ચઢી કવિને કર નિરોપે ॥
લોપે જડમતિ કંદો ॥ હરિ હરિ ॥ ૨ ॥
સરસ્વતી દેવી ચરણે શિર નામી । જેહ પ્રસાદ કવિતગુણ પામી ॥
સ્વામી ગાઈસું ગુણ ગોવિંદો । હરિ હરિ ॥ ૩ ॥
જેણે સચરાચર જીવ નિપાયા । જલ થલ મહિયલ ભુવન સમાયા ॥
લાયો મોહ જુવાલો ॥ હરિ હરિ ॥ ૪ ॥
પંડ રહો જે જીવ નિહાલો । ઉવટ જાતો તેહને વાલો
ટાલે સેવું સંસાર ॥ હરિ હરિ ॥ ૫ ॥
ક્ષણુ બહુ બ્રહ્માણ્ડ ઘડે ને વિનાશે । આપ વિભુ તે ત્રિભુવન વાસે
હાસે કરે વિનોદો ॥ હરિ હરિ ॥ ૬ ॥
કનલ છે પણ જીવ ન ચાહે । કર્મ તણે મદ તેહ ન આરાહે ॥
બાહે અંતસ કાલો ॥ હરિ હરિ ॥ ૭ ॥
અભગતા જનપે કમ કરાવે । કર્મ ભોગવવા દેહ ધરાવે ॥
સેવક કર્મ કસાનો ? હરિ હરિ ॥ ૮ ॥
રોમ રોમ બહુ બ્રહ્માણ્ડ સમાયા । બ્રહ્માદિક સનકાદિક ધાએ ॥
પાર ન પામે તે હો ॥ હરિ હરિ ॥ ૯ ॥
તે સ્વામિ પિણ્ડ બ્રહ્માણ્ડ સમાણોઃઋષિ સુર દાનવ નર ન કલાણો ॥
જાણે આપે આપો ॥ હરિ હરિ ॥ ૧૦ ॥
હરિ સેવે સુખ નિશ્ચલ જાણો । વણસંતુ એહ કસુ મન(ન) આણો ॥
આલે અમૃત મા ઢોલો ॥ હરિ હરિ ॥ ૧૧ ॥
ઇન્દ્રિ ગમતુ ચંત નિવારો । હૃદે વચન કર્મ વિષ્ણુ વિચારો ॥
પાર હોય ભવ જાલો ॥ હરિ હરિ ॥ ૧૨ ॥

મચ્છ રૂપે શંખાસુર માર્યો । સદપણે ભવસાગર તાર્યો ॥
વારૂ ભુવન અધર્મો ॥ હરિ હરિ ॥ ૧૩ ॥
કૌરમ રૂપે મંદરગિરિ સાહૂ । પસરૂ સુર દાનવ અવગાહૂ ॥
ગાહ્યુ ક્ષીર સમુદ્રો ॥ હરિ હરિ ॥ ૧૪ ॥
પ્રલય સમય જલ ભૂમિ અવગાહી । આદ વરાહ દાઢાગે સાહી ॥
ચાઢી ભુવન વિનાશો ॥ હરિ હરિ ॥ ૧૫ ॥
હરણાંકૈસ ત્રહૂ ભુવનવિદિતો । જેણે સમર્યા ગુણ સુરપતિ જિત્યો ॥
વિત્યો તે મુનિ શ્રાપો ॥ હરિ હરિ ॥ ૧૬ ॥
પુત્ર હેત મનોરથ સારો । નરસિંહ રૂપે નેહર વિડારો ॥
માર્યો દાનવ રાયો ॥ હરિ હરિ ॥ ૧૭ ॥
ઇન્દ્ર કાજ બલ જાગ વિનાસુ । વામન બલિ પાતાલ નિવાસુ ॥
વાસો નિરભે લોકો ॥ હરિ હરિ ॥ ૧૮ ॥
પરશુરામે ક્ષત્રિપત મોડ્યો । ઋષિવરનો અપરાધ વછોડ્યો ॥
જોડ્યો વાડવ લોકો ॥ હરિ હરિ ॥ ૧૯ ॥
રઘુનૃપકુલ અવતાર જ લીધો । સુરપતિ મન મનોરથ સીધો ॥
કીધો દેવ પસાવો ॥ હરિ હરિ ॥ ૨૦ ॥
દશરથ પરમાનંદ વિચારે । અપુત્રીયું દુઃખ શોક નિવારે ॥
ચાર તેહને કુલ દીપો ॥ હરિ હરિ ॥ ૨૧ ॥
જેહ નામે શ્રુતિપાઠ નિરોપે । સ્મરણ માત્ર અઘનાશન ટોલે ॥
બોલે વેદ પુરાણો ॥ હરિ હરિ ॥ ૨૨ ॥
રામચન્દ્ર તહાં દિન દિન વાધે । હેલા દેવ કારજ સર્વે સાધે ॥
આરાધે નિજ ધર્મો ॥ હરિ હરિ ॥ ૨૩ ॥
લીલા મુનિવર જાગ નિહાલો । દાનવ તણો હરિએ ઊપદ્રવ ટાલો ॥
વાલો અહલ્યા દેહો ॥ હરિ હરિ ॥ ૨૪ ॥
લીલા ત્રિપુરધનુષ જીણે ભાગ્યું । ધોષ ત્રિભુવન કંપવા લાગ્યું ॥
ભાગ્યું હેલા વિનોદો ॥ હરિ હરિ ॥ ૨૫ ॥
ત્રિભુવન ઓચ્છવ હોય નિરંતર । સીતાવર અતિ ત્રિભુવન સુંદર ॥
સુર નર મન આનંદો ॥ હરિ હરિ ॥ ૨૬ ॥

ચાર સહોદર પરણી ચાલ્યા । પરશુરામ હઈડે અતિ સાલ્યા ॥
હાલ્યા પર્વત શૈલો ॥ હરિ હરિ ॥ ૨૭ ॥
પરશુરામે પરમેશ્વર જાણ્યા । ધનુષ ચઢાવી નિશ્ચય આણ્યા ॥
જાણ્યા એ સુરસારો ॥ હરિ હરિ ॥ ૨૮ ॥
લીલ દેવ અયોધ્યા આવ્યા । વર સુંદર મોતીડે વધાવ્યા ॥
ભાવ્યા જમ શશીરૂપો ॥ હરિ હરિ ॥ ૨૯ ॥
જનેતા વચન નૃપ બાંધ્યો દેખી । અયોધ્યા તણું રાજ ઉવેખી ॥
વેષ લિયો વનવાસો ॥ હરિ હરિ ॥ ૩૦ ॥
લક્ષ્મણ સીતા સહિત સનાતન । ચાલ્યા પ્રભુ ચિત્રકૂટ ગિરિ પાવન ॥
જનક ગયા સુરલોકો ॥ હરિ હરિ ॥ ૩૧ ॥
માતુલ વંશથી ભરત અણાવ્યા । પટા અભિષેક તેહને સંભાવ્યા ॥
આવ્યાં જહાં શ્રીરામો ॥ હરિ હરિ ॥ ૩૨ ॥
કૃપા કરી પ્રભુ નગર પધારો । સ્વામીજી તાતનું રાજ સિધારો ॥
ભરત વિનય પર બોલે ॥ હરિ હરિ ॥ ૩૩ ॥
રામચન્દ્રે શિખામણ આપી । ભરત પાદુકા આસન થાપી ॥
આપી અભક્ત કામો ॥ હરિ હરિ ॥ ૩૪ ॥
ચિત્રકૂટથી ચાલ્યા સ્વામી । લીલાપતિ દક્ષિણદેશ પામી ॥
પામ્યા બહુ ઋષિમાનો ॥ હરિ હરિ ॥ ૩૫ ॥
શાસન દીધું કુંભજમુન । રામચન્દ્ર ગયા પંચવટી વન ॥
મન આનંદ ધરે જો ॥ હરિ હરિ ॥ ૩૬ ॥
કામાકુલી નિશાચર આવી । શૂર્પણખા લક્ષ્મણે સંભાવી ॥
શ્રવણ નાસિક છેદ્યાં ॥ હરિ હરિ ॥ ૩૭ ॥
ચૌદ સહસ્ર રાક્ષસ રણ સોધી ! લંકાપુરીતેણે દુઃખ વિરોધી ॥
કીધી કરમત મરીચો ॥ હરિ હરિ ॥ ૩૮ ॥
વાનરપતિની કંધા કાપી । તેણે ઠામ સુકંધર થાપી ॥
આપી અવિચલ રાજો ॥ હરિ હરિ ॥ ૩૯ ॥
માલ્યવાન ગિરિ ભરત સુકંધર । લંકાપુરી દહી આવ્યો કપિવાનર ॥
વાનરસેન મલે જો ॥ હરિ હરિ ॥ ૪૦ ॥

રામચન્દ્રદલ પહોતા સાગર । બાંધ્યો સેતુ તહાં નલવાનર ॥
પાર ગયા ક્ષણ માંહે ॥ હરિ હરિ ॥ ૪૧ ॥
રજનીચર પડ્યું સમરાંગણ । પરિવારાસું હણિયો રાવણ ॥
બાણ દશે શિષ છેદ્યાં ॥ હરિ હરિ ॥ ૪૨ ॥
સકલ ભુવન આનંદ ન માય । રામચન્દ્ર સીતા લેઇ જાય ॥
નગર અયોધ્યા માંહે ॥ હરિ હરિ ॥ ૪૩ ॥
કૃષ્ણરૂપે ગોકુલ અવતરિયા । ગોવરધન પર્વત કર ધરિયા ॥
વરિયા ગોપી ગોવિંદો ॥ હરિ હરિ ॥ ૪૪ ॥
મોરપિચ્છ મુકુટ શિર સોહે । નિજ માયા દેવકી ભુવન સોહે ॥
સોહે ગુંજાફલ હારો ॥ હરિ હરિ ॥ ૪૫ ॥
હાથ વાંસલી શિંગુ વાયે । ગોવાલે પરવરિયા જાયે ॥
લાએ પરબ્રહ્મ વેદો ॥ હરિ હરિ ॥ ૪૬ ॥
સર્વ રૂપે હરિ રંગે રાચે । વૃંદાવન ગોપી વચ્ચે નાચે ॥
સાચો સો એ બ્રહ્મચારી ॥ હરિ હરિ ॥ ૪૭ ॥
અકલ અસંભવ એસો દીઠો । બાલકેલિ ગોકુલમાં પેઠો ॥
બેઠો ધ્રુવ શુક ચંતો ॥ હરિ હરિ ॥ ૪૮ ॥
અનંત ચાલો અગીઆર વરીસો । તેણે તેડે અક્રૂર સરીસો ॥
છવીસમો ગોવિંદ ॥ હરિ હરિ ॥ ૪૯ ॥
શ્યામલ પરબ્રહ્મ દેહ વહોણુ । મહીકારણ રઢ માંડે સલુણુ ॥
ઉણું નહીં કદાપો ॥ હરિ હરિ ॥ ૫૦ ॥
બુધ્ધ રૂપે હરિ ધ્યાન વિચારે । કલંકી રૂપે યવન સંધારે ॥
સાર કરે નિજ લોકો ॥ હરિ હરિ ॥ ૫૧ ॥
શ્યામલવરણ હરિ હૃદયા મેહેલુ ॥ ત્રિભુવનપતિ હરિ નામે ખેલુ ॥
ઝીલો પરમાનંદો ॥ હરિ હરિ ॥ ૫૨ ॥
વિષ્ણુ ભક્ત મુક્તિ ફલ કાજે । રાસ કર્યો પંડિધનરાજે ॥
કાજ કરો હરિ નામે ॥ હરિ હરિ ॥ ૫૩ ॥

॥ ઇતિ શ્રી ગરૂવા ગણપતિનો રાસ સંપૂર્ણ ॥ ૧ ॥

( રામકબીર નામસાચો - સંસાર સુખ કાચો )

## ॥ અથ શ્રી વિનતી ॥ ૨ ॥

આદિ અનાદિ એક તું । સ્વામી માહરા ॥ આદિ ॥
નિરંજન નિરાકાર । હરિહર બ્રહ્મા તે હવા ॥
સ્વામી તું છે અપાર ॥ પાયે લાગી કરૂં વિનતિ ............. ॥૧॥
તહારો પાર કોઇ નવ લહે ॥ સ્વામી ॥ પરબ્રહ્મ અવિધાર ॥
તું સરખો કર તાહેરો । માયા રહિત સંસાર .......... ॥ પાયે ॥૨॥
આપણપુ તે ગોપવું ॥ સ્વામી ॥ વાહ્યો સિયલ સંસાર ॥
જાગ દાન અધ્યાતમ । નથી ગર્ભનો પાર ........... ॥ પાયે ॥૩॥
ભુવન રલો એ આતમા ॥ સ્વામી ॥ તું ન જાણે સાર ॥
ધણી વહુણુ મારિયો । ચહુ ખઆણ મોઝાર ........ ॥ પાયે ॥૪॥
બ્રહ્માદિક શિવ આતમા ॥ સ્વામી ॥ જે ધરે રે શરીર ॥
કઇ મોટો કઇ નાનડો ॥ સ્વામી ॥ અકલ તું વીર ..... ॥ પાયે ॥૫॥
વગતો કીધો એ આતમા ॥ સ્વામી ॥ ગુણે હવો ખણ્ડ ॥
ચોરાસી લક્ષ જીવ થયા । તેણે ભર્યા રે બ્રહ્માણ્ડ ..... ॥ પાયે ॥૬॥
બ્રહ્મણ્ડ મુક્યું આપધુ ॥ સ્વામી ॥ પડ્યો મોહ સંસાર ॥
હું મારૂં કરે આંધલું । અંધ એહ ગમાર ............. ॥ પાયે ॥૭॥
સ્વામી દયાલ તું ઓલગ્યો ॥ સ્વામી ॥ સમરથ શું રે વિચાર ॥
તુમ આગલ શું મા હ્યરું । હું નથી એકવાર........... ॥ પાયે ॥૮॥
આપણ પે થાય અણછતો ॥ સ્વામી ॥ માંહે મેહલે તૂઝ ॥
હવે ગમતુ કર તાહ્યરૂ । ઓધર એહ અબૂઝ ........ ॥ પાયે ॥૯॥
ક્ષુધા તૃષાદિક આકલો ॥ સ્વામી ॥ કરે સુખ તણી આશ ॥
તેણે વલી ઘટ પામશે । અધોમુખ દશ માસ ........ ॥ પાયે ॥૧૦॥
ક્ષણુ ક્ષણુ જન્મે ને ક્ષણુ મરે ॥ સ્વામી ॥ ચઢે કાલને હાથ ॥
ઠામ ઠામ કરે માહેરૂ । તે નહિ આવે સાથ .......... ॥ પાયે ॥૧૧॥

ઘર એ જીવ વરાંસિયુ ॥ સ્વામી ॥ હવું આપણીરાયુ ॥
ભક્તિ વિહોણો તાહેરી । જમે દીધો ધાયો ......... ॥ પાયે ॥૧૨॥
સ્વામી કૃપા કરો અતિ ઘણી ॥ સ્વામી ॥ ભાજો અનેક વિચાર ॥
અચલ ભક્તિ દે તાહેરી । જે છે મુક્તિ ભંડાર ........ ॥પાયે ॥૧૩॥
વૈકુંઠ બ્રહ્માદિક જુવે ॥ સ્વામી ॥ પેખે વિષ્ણુ અનંત ॥
રાજા અખેપદ તણો । તેને સેવે સંત ............... ॥ પાયે ॥૧૪॥
તાહરા સ્વરૂપનો પાર નહી ॥ સ્વામી ॥ બહુ લીલા બ્રહ્માણ્ડ ॥
ભક્ત જયાં જેવું મન ધરે । તહાં તેવે પંડ ........... ॥ પાયે ॥૧૫॥
આપણ પૂજે દાખવે ॥સ્વામી॥ તેહને તેસો પસાવું ॥
તાહરાં સ્વરૂપ જ તું લહે । તું છે ગરૂવે રાવ ......... ॥ પાયે ॥૧૬॥
દુષ્ટ સાધુને દુભવે ॥ સ્વામી ॥ ધાય તુહજ વાહાર ॥
તે જોગે તેહવાં રૂપ ધરી ॥ દુઃખ ફેડે તે વાર ........ ॥ પાયે ॥૧૭॥
મચ્છ કૂરમ વરાહ તું ॥ સ્વામી ॥ નરસિંહ એક વાર ॥
વામન ત્રિકમ પરશુરામ ॥ રઘુકુલ અવતાર ......... ॥ પાયે ॥૧૮॥
નરનારાયણ કૃષ્ણ તું ॥ સ્વામી બુધ્ધ કલંકી રૂપ ॥
તું મલે દેખે તાહ્યરૂ । પરિબ્રહ્મ સ્વરૂપ ............ ॥ પાયે ॥૧૯॥
ગરૂડ વાહન છે તાહ્યરે ॥ સ્વામી ॥ કૌસ્તુભ મણિ હાર ॥
શ્રીવત્સ લાંછન જલહલે । એહવાં રૂપ કંઇ વાર ..... ॥ પાયે ॥૨૦॥
બ્રહ્માદિકને પ્રત્યક્ષ હવા ॥ સ્વામી ॥ સુખ પોઢ્યા શેષ ॥
લક્ષ્મી ચરણ સેવા કરે । એવા તારા વેષ ............ ॥ પાયે ॥૨૧॥
તાહરા આધારે જીવ છે ॥ સ્વામી ॥ પંચવિશમો જેહ ॥
પ્રકૃતિ છાંડીને જો જપે । દેખે પરિબ્રહ્મ તેહ ........ ॥ પાયે ॥૨૨॥
પ્રકૃતિ ઉપર જહાં પ્રેમ છે ॥ સ્વામી ॥ કરશે બહુ ધર્મ ॥
તેણે વલી ઘટ પામશે । ભોગવશે કર્મ............... ॥ પાયે ॥૨૩॥

પ્રકૃતિ કારાગૃહ લેખવે ॥ સ્વામી ॥ ઝુરે તુજ નિવાસ ॥
અંત લગી જો એમ રહે । સત ભુવન નિવાસ ........ ॥ પાયે ॥૨૪॥
પ્રકૃતિ પરિજા પાપની ॥ સ્વામી ॥ હજુ ન મુકે કાંઇ ॥
શબ્દ ધણીનો રોલવે । વંછે તેહ ઘર જાય ........... ॥ પાયે ॥૨૫॥
પ્રકૃતિ કહે સુણો આતમા ॥ સ્વામી ॥ મુઝ કહો દોષ ॥
વંછી તે હું અનેક વાર । હવે કાં કરે રોસ ............. ॥ પાયે ॥૨૬॥
પ્રકૃતિ પુરૂષ એમ બોલતાં ॥ સ્વામી ॥ છુટ્રો પૂર્વ સ્નેહ ॥
આતમા પરબ્રહ્મ જઇ મલ્યો । પંચ ભાગે થયો દેહ.. ॥ પાયે ॥૨૭॥
જમ છે બોલ્યુ તાહરૂ ॥ સ્વામી ॥ જુગ એહજ ધર્મ ॥
તુજ વિન જપ તપ દાન દયા । તે સઘળાં કર્મ ........॥ પાયે ॥૨૮॥
જુગ જુગ દર્શન જૂજવાં ॥ સ્વામી ॥ વણસે જુગ અંત ॥
વેદ ન વણસે વણસતાં । બહુ જુગ કલ્પાંત ......... ॥ પાયે ॥૨૯॥
વિષ્ણુનું બોલ્યું વેદ છે ॥ સ્વામી ॥ જેહ ન લાભે પાર ॥
જેને આધારે બ્રહ્માણ્ડ રહ્યાં । સાચો તેહ આધાર ....॥ પાયે ॥૩૦॥
તુજ કૃપાથકી રહિત છે ॥ સ્વામી ॥ લોપે રાજ આદેશ ॥
ધર્મ આપ ધૂમાડીને । માને બોધ જ નેસ ........... ॥ પાયે ॥૩૧॥
અણછતો આતમા વિનવે ॥ સ્વામી ॥ ઓધારજો તાત ।
તું સમરથ હવે પામીઓ । આદર એહજ વાત ....... ॥પાયે ॥૩૨॥

**॥ ઈતી શ્રી વિનતી સંપૂર્ણ ॥ ૨ ॥**

## અથ શ્રી બ્રહ્મારૂલી ॥૩॥

રાજા પરબ્રહ્મ ગાઈયે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ દેવ અનોપમ એક ... ॥૧॥
હરિ હર બ્રહ્મા જે જપે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ પાર નહી ગુણ જેહ.. ॥૨॥
જમ નવ બુઝે કંથુઓ ॥ તુરે બ્રહ્મારૂલી ॥ સુરજબિંબ પ્રમાણ..॥૩॥
સુર દાનવ એમ નવ બુઝે ॥તુરે બ્રહ્મારૂલી॥તુહજ એક સુજાણ..॥૪॥
પંડ બ્રહ્માણ્ડ ભરી રહ્યો ॥ તુરે બ્રહ્મારૂલી ॥ જેહ થકી બહુ જીવ ॥૫॥
પુનરપિ જેણે ઉપજે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ ક્ષય પામે જુગ અંત ..॥૬॥
પુનરપિ કર્મમેં તાણિયો ॥તુરે બ્રહ્મારૂલી ॥પડિયો મોહ જુવાલ .॥૭॥
ચોરાસી લક્ષ ભોગવે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ ગર્ભ તણો નહી પાર.. ॥૮॥
તૃણ કરસન કણ નીપાય ॥તુરે બ્રહ્મારૂલી॥જલધર ભોમ સંજોગ ॥૯॥
જલધર જેણે ન જાણીએ ॥તુરે બ્રહ્મારૂલી ॥કરસન છેરે અચેત ॥૧૦॥
એણે નિદરસન ઉપન્યુ ॥ તુરે બ્રહ્મારૂલી ॥તે કેમ જાણે રે જીવ ॥૧૧॥
નામ શરણ પામી રહો ॥ તુરે બ્રહ્મારૂલી ॥આપ જણાવે જેહ .॥૧૨॥
જલચર જીવ જીવે ઘણુ ॥તુરે બ્રહ્મારૂલી ॥જીવ ન જાણે રે ભેદ॥૧૩॥
જેહ બોલે જુગ સંચરે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ પ્રસરે એણે સંસાર ॥૧૪॥
પાન પાન રસ મોકલે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ મૂલ તણુ જલ પેખ ॥૧૫॥
વિવિધ કુસુમ ફલ નિપજે॥તુરે બ્રહ્મારૂલી॥કાષ્ટ કઠણમાંહે પેખા॥૧૬॥
પય દધિ ધૃત દે તૃણચરે ॥તુરે બ્રહ્મારૂલી ॥નિમિત્ત ચઢાવે ધેન ॥૧૭॥
બુંદ વડે ઘટ નિપજે ॥ તુરે બ્રહ્મારૂલી ॥ રંગે રમે નરનાર ......॥૧૮॥
લોકપાલ પંચ મહાભૂત ॥ તુરે બ્રહ્મારૂલી ॥પાલે તુહજ અખંડ ॥૧૯॥
અનેક જુગ એમ નીપજે ॥તુરે બ્રહ્મારૂલી॥સબલો તાહરો બોલ॥૨૦॥
તું નિર્ગુણ એમ જાણીએ ॥તુરે બ્રહ્મારૂલી॥તું આગલ નહી કોઈ॥૨૧॥
નિમિત્ત અચેતને દેઈને ॥તુરે બ્રહ્મારૂલી॥કાજ સર્વે હોયે અંત્ય ॥૨૨॥
સુરજ તેજે દેખીએ ॥ તુરે બ્રહ્મારૂલી ॥ હું દેખુ કહેરે અજાણ...॥૨૩॥

આંખ છતે થયો આંધલો।।તુરે બ્રહ્માસ્લી।।રવિ વિન થયો અંધકાર ।।૨૪।।
એણે સાચે સહુ તે હોય ।।તુરે બ્રહ્માસ્લી ।।ગુણ વિન સત સ્વરૂપ।।૨૫।।
કોટિ બ્રહ્માણ્ડ ભાજે ઘડે ।।તુરે બ્રહ્માસ્લી ।।ગુણ દે હરિ હર બ્રહ્મ ।।૨૬।।
મન ચંતે એમ નિપજે ।।તુરે બ્રહ્માસ્લી।।અણછતાં બ્રહ્માણ્ડ વિસ્તાર।।૨૭।।
ગરૂવા તાહરો તાહારાનો ।।તુરે બ્રહ્માસ્લી ।।જાણે તુહજ વિચાર ।।૨૮।।
અકલ અસંભવ જાણીએ ।।તુરે બ્રહ્માસ્લી ।।નામ શરણ છે જીવ ।।૨૯ ।।
દુભવ્યો તુહ અજાણવે ।।તુરે બ્રહ્માસ્લી ।। કૃપા કરી દ્યો વિશ્રામ ।।૩૦ ।।
તારા મને તું ઓધરે ।। તુરે બ્રહ્માસ્લી ।। લીલાએ તુજ નામ.....।।૩૧।।
ભોલી ભગતે ભેટિયો ।।તુરે બ્રહ્માસ્લી ।।પ્રત્યક્ષ પરબ્રહ્મ અનાદ ।।૩૨।।
તારા મન વણ નવ દેખે ।।તુરે બ્રહ્માસ્લી ।।સ્વપ્ને સનકાદિક જોગી ।।૩૩।।
જ્ઞાન તેજ પરમાનંદ ।। તુરે બ્રહ્માસ્લી ।। સેવીએ નિજ પરિબ્રહ્મ ।।૩૪।।
વાચે ગંધ માંહે સંચરે ।। તુરે બ્રહ્માસ્લી ।। ગંધ મુકે નિજ રૂપ ...।।૩૫।।
તેમ હરિ ગુણમાં સંચરે ।।તુરે બ્રહ્માસ્લી ।।નિરગુણ જમે તુજ નામ ।।૩૬।।

**।। ઇતિ શ્રી બ્રહ્માસ્લી સંપૂર્ણ ।। ૩ ।।**

**( આત્મજ્ઞાન એ સૌથી મોટું જ્ઞાન છે )**

## ।। અથ શ્રી હેલી ।। ૪ ।।

હેલી રે પરબ્રહ્મ અવિગત જેહ । તેહ પહેલો પરમાત્મા એ ........ ।।૧।।
હેલી રે જેના ત્રણે અંશ । સરજે પાલેને સંઘારે એ ................ ।।૨।।
હેલી રે બ્રહ્માદિક છે જીવ । તેહ તેણે ગોચર નહી એ ............. ।।૩।।
હેલી રે આદિ એકલમલ । વ્યાપ માંડે બહુ અતિ ઘણાં એ એ .....।।૪।।
હેલી રે નિશ્ચલ છે અવિનાશ । હાસ છતુ અછતુ કરે એ ........... ।।૫।।
હેલી રે સેવે સુર નર નાગ । સહુ તાહારે આઇસે રહુ એ ........... ।।૬।।
હેલી રે સનકાદિક મુનિ જોગી । જોતાં પાર પામે નહી એ .......... ।।૭।।

હેલી રે જેથી વગતુ થાય । તેણે વલી સહુ આથમે એ ............ ॥૮॥
હેલી રે અકલ અલખ અભેદ । વેદ નિરંતર સ્તુતિ કરેએ .......... ॥૯॥
હેલી રે તૃપ્ત તો છે વણ આંહાર । સુખ સઘલાં સેવા કરે એ ...... ॥૧૦॥
હેલી રે જન્મ મરણ નહી જેહ । જેણે એ બ્હુ સરજિયાંએ ...... ॥૧૧॥
હેલી રે કીરત કીજે જેહ । બલ ગુણ સ્તવીએ હરિ તણા એ ..... ॥૧૨॥
હેલી રે સર્વ તણો જે બાપ । માત પિતા નહી જેહ તણે એ ...... ॥૧૩॥
હેલી રે સર્વ તણો જેહ સ્વામી । સ્વામી તેહ તણો કોય નથી એ ..॥૧૪॥
હેલી રે સર્વ ઉફરો જેહ । તેહ ઉફરો સરજ્યો નથી એ ........... ॥૧૫॥
હેલી રે જેહ યમલ નહી કોય । તેની ઉપમા કી કહૂં એ .......... ॥૧૬॥
હેલી રે તેણે વાહ્યો વિશ્વ । મોહ જુવાલ વિડમ્બીઓ એ .........॥૧૭॥
હેલી રે રૂપ અરૂપે અનંત । કહેતાં કહેવું કહેવાય નહીં એ ......॥૧૮॥
હેલી રે જેહ ન પ્રિછે વેદ । જોગેશ્વર મન દુર્લભ એ .............. ॥૧૯॥
હેલી રે એસુ ભણી નિત સેવ । તુહ સદાય છે હુ નહી એ ........ ॥૨૦॥
હેલી રે એણી પેર ફેડને આપ । બાપ સેવું સંભારસી એ ........ ॥૨૧॥
હેલી રે અહર્નિશ પ્રણ મન જેહ । અહર્નિશ પર બ્રહ્મ જપ કરો એ ॥૨૨॥
હેલી રે અંત સમે છે જીવ । કર્મનો તાણ્યો જુગ ભમ્યો એ .......॥૨૩॥
હેલી રે ભરમેં ભાગ્યો જીવ । કામ ક્રોધ મદ પરહર્યા એ ..........॥૨૪॥
હેલી રે નિર્ભય તુહ જ એક । કીજતાં કર્મ લાગે નહીએ ....... ॥૨૫॥
હેલી રે સમરથ સરજન હાર । કર્મ સહેવું શિર સરજિયાં એ ....॥૨૬॥
હેલી રે પરઉપકારે કાજ । એકે અંશી અવતર્યો એ ........... ॥૨૭॥
હેલી રે ધર્મ તણી સ્થિતિ હેત । ચરિત્ર અનોપમ તાહેરા એ ... ॥૨૮॥
હેલી રે તાહેરે નથી કસુકાજ । રાગ દ્વેષ મદ તુજ નહીં એ ...... ॥૨૯॥
હેલી રે તુજ નહી અપરાધ । રાજાજી ચિતવે કરે એ ...........॥૩૦॥

**॥ ઈતિ શ્રી હેલી સંપૂર્ણ ॥ ૪ ॥**

**બરબાદીનો ચાહો અંત, ખર્ચાળ લગ્નનો લાવો અંત.**

## ॥ અથ શ્રી સાહેલી ॥ ૫ ॥

ગાઇયે તે પરમાતમા ॥ સાહેલડી રે ॥ ગરૂઓ તે ગુણનો ભંડાર ॥૧॥
નામે સુભરણ જેહ તણે ॥ સાહેલડી રે ॥ આતમા છૂટે સંસાર ॥૨॥
આપણપુ જેણીજુગત છે ॥સાહેલડી રે ॥તેમ તેણે રાખ્યા છે પ્રાણ ॥૩॥
જે કારણ તે માંડિયું ॥ સાહેલડી રે ॥ સહુ જાણે તુહજ સુજાણ ॥ ૪ ॥
હેલા વિધિ હર સરજિયા ॥ સાહેલડી રે ॥ સુરનર કહીએ માત્ર ॥ ૫ ॥
સહુ આધાર છે જેહ તણો ॥ સાહેલડી રે ॥ તે કયમ મુકીએ બાપ ॥૬॥
દુહવો બોલે આતમા ॥ સાહેલડી રે ॥ સુણો પરમાતમા તાત ॥ ૭ ॥
તુજ સમીપ છોડાવિયું ॥ સાહેલડી રે ॥ માહેરો સો અપરાધ ॥ ૮ ॥
ધર સુખ કાંયે વિસારિયું ॥ સાહેલડી રે ॥ ભૂલ્યો કાં એ વનમાંહી ॥૯॥
કેટલા કાલ વિડમ્બીઓ ॥ સાહેલડી રે ॥ શત્રુ કામાદિક હાથ ॥ ૧૦ ॥
એણે વન લોભવી દવ બલે ॥સાહેલડી રે ॥વિલસે એ પારધી કાલ ॥૧૧॥
માયા મુકી હરણલી ॥ સાહેલડી રે ॥ માંડિયુ કર્મનું જાલ ॥૧૨॥
જાલ પડ્યો હવો આકલો ॥ સાહેલડી રે ॥ મોહ્યો જીવ અચેત ॥૧૩॥
આગલી પાછલી સુધ નહી॥સાહેલડી રે ॥નહી એહને આપણું ચેત ॥૧૪॥
સુરનર જાલથી તરફડે ॥ સાહેલડી રે ॥ દેહ ધરાવીએ જેહ ॥૧૫॥
કલ્પના કરતી છેદીએ ॥ સાહેલડી રે ॥ ગર્ભ ખણ્ડિત હોય દેહ ॥૧૬॥
દેહ ધરી સુખ પ્રાપતતે ॥ સાહેલડી રે ॥ તાતીમ તેલ કદાય ॥૧૭॥
આપણ દોષ ન દાખવે ॥ સાહેલડી રે ॥ વીચે જે આપણ માંહે ॥૧૮॥
કાલ ખાય નિત તલીતલી ॥સાહેલડી રે ॥હજુ અનચેતેરે આપ ॥૧૯॥
એવડે દુ:ખે કાંઇ પાડિયુ ॥સાહેલડી રે ॥સાહ્ય કરોને હાવે બાપ ॥૨૦॥
નામે ભાંજની દેહા ॥ સાહેલડી રે ॥ સ્મરણે ટાલ વિકાર ॥૨૧॥
તુસરખુ કર તાહેરૂ ॥ સાહેલડી રે ॥ લે હવેલો એ સમવાર ॥૨૨॥

॥ ઇતિ શ્રી સાહેલી સંપૂર્ણ ॥ ૫ ॥

(રામકબીર નામસાચો - સંસાર સુખ કાચો)

## ॥ અથશ્રી ઘોડલી ॥ ૬ ॥

ઘોડલી પરબ્રહ્મ લાગેલું ધ્યાન । માન મત્સર મદ પરહર્યાં ॥
ઘોડલી પામિયું હરિ શરણ ॥ ૧ ॥
ઘોડલી સુન કીધો સંસાર । ધ્યાન નિરંતર ઉપન્યુ ....... ॥ઘો.॥૨॥
ઘોડલી ભેટીયો ત્રિગુણાતિત । ગુણરે સંઘાત વિછોહિયા ॥ઘો.॥૩॥
ઘોડલી ઉગિયો જ્ઞાન આદિત । વિતી રે માયા રાતડી ... ॥ઘો.॥૪॥
ઘોડલી નિરમલ થયું મનચંદ્ર । ઉતર્યું મોહનું આભલુ ... ॥ઘો.॥૫॥
ઘડલી મોહ વિત્યો હેમાવંત । વિષ્ણુભગત મધુ અવતર્યો ॥ઘો.॥૬॥
ઘોડલી શરણ મલ્યું રે સમીપ । મન રવિ ઉત્તર ચાલિયું . ॥ઘો.॥૭॥
ઘોડલી મોરિયા ગુણ રે સાહકાર । વાસી રે કોયલ વાસના ॥ઘો.॥૮॥
ઘોડલી ઉલટ્યો પરમઆનંદ । હોલીરે કામાદિક સમી ... ॥ઘો.॥૯॥
ઘોડલી ધર્મસંતોષ વિચાર । તતક્ષણ વરખ શોભા લહે . ॥ઘો.॥૧૦॥
ઘોડલી ભાજીઆ અવર વિચાર પરબ્રહ્મ ચેતન મન મલ્યુ ॥ઘો.॥૧૧॥
ઘોડલી જેહન પ્રિછેરે કોય । અપ્રિછણા ભણી ઓલગ્યો ॥ઘો.॥૧૨॥
ઘોડલી કેમ હોય મુક્તિ અનિત । મુક્તિ નાયક સમર્યા વિના ॥ઘો.॥૧૩॥
ઘોડલી નરક ભાગ્યો ગર્ભવાસ । આવાગવન નિવારિયાં ॥ઘો.॥૧૪॥
ઘોડલી જાગ્રત રૂપ અનંત । ગુરૂ વચને સહુ એક હોયે...॥ઘો.॥૧૫॥
ઘોડલી કાલે રે મુકી આશ । જમ છાંડી અલગા રહ્યાં .. ॥ઘો.॥૧૬॥
ઘોડલી દેવતા દે અતિમાન । લેખુ રે વાલ્યુ જમ તણું .. ॥ઘો.॥૧૭॥
ઘોડલી બાપે કીધી રે સાર । વગત ટાલિ કને રાખિયો . ॥ઘો.॥૧૮॥

ઘોડલી મુગત તણી પેરજાણ । નિશ્ચલ સુખ છે અતિઘણું ॥ઘો.॥૧૯॥

ઘોડલી કર વિના મંદિરે વિશ્વ । પગ વિના સચરાચર ફિરો ॥ઘો.॥૨૦॥

ઘોડલી મુખ વિના બોલે સાર । લોચન વિના દેખે સહુ ॥ઘો.॥૨૧॥

ઘોડલી ઉદરપાખે કરે આહાર । ઇન્દ્રિ વિના સુખ ભોગવે ॥ઘો.॥૨૨॥

ઘોડલી રૂપ પાખે કરે રાજ । સોહે શણગાર પહેર્યા વિના ॥ઘો.॥૨૩॥

ઘોડલી ઇચ્છા વણ કરે ભાવ । નિત આનંદ સોએ રમે . ॥ઘો.॥૨૪॥

ઘોડલી મન વિના જાણે સર્વ । શ્રવણ પાખે સહુ સાંભલે ॥ઘો.॥૨૫॥

ઘોડલી આતમા નવ ધરે દેહ । જોરે પામે પરમાતમા ... ॥ઘો.॥૨૬॥

ઘોડલી સુમરણ દીપક રાગ । માયાલોભ કોરણ ઘણા . ॥ઘો.॥૨૭॥

ઘોડલી દીપ કીયો ઘર માંહી । કાજ સીધ્યુ ત્યારે જીવનું ॥ઘો.॥૨૮॥

ઘોડલી મહેલ સંસારના કામ । સુખ હોય વણસે વલી ..॥ઘો.॥૨૯॥

ઘોડલી છાંડીયો અનિત્ય સંસાર । સાર જાણું પરમાતમા ॥ઘો.॥૩૦॥

ઘોડલી જન્મમરણ નહી દુઃખ । હરખે પરબ્રહ્મ સેવીએ ॥ઘો.॥૩૧॥

ઘોડલી સુમરણ અંતર રાખ । જેવી અવનીશ્વર પામીએ ॥ઘો.॥૩૨॥

ઘોડલી અણછતું કીધું આપ । બાપ તને મને મન મલ્યું ॥ઘો.॥૩૩॥

ઘોડલી અંત લગી રહે ધ્યાન । પદ પામે પરબ્રહ્મ તણું . ॥ઘો.॥૩૪॥

ઘોડલી ભગત માગે ઇહાં એહ । વિગત ફીટી સહુ એક હોય ॥ઘો.॥૩૫॥

ઘોડલી નિશ્ચય સાંભલે જેહ । દુર્લભ મુકિત પામે સુખે ॥ઘો.॥૩૬॥

॥ ઇતિ શ્રી ઘોડલી સંપૂર્ણ ॥

**( રામ કબીર નામ લેજો - ચરણાંની સેવા લેજો )**

## શ્રી રામ ચંદ્રની સ્તુતિ

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવ ભય દારૂણં,
નવ કંજ લોચન કંજ મુખ, કરકંજ પદકંજારૂણ, ............ શ્રી રામ
કંદર્પ અગણિત અમિત છબિ, નવનીલ નીરદ સુંદરમ,
પટપીત માનહું તડિત રૂચિ સુચિ નૌમિ જનક સુતાવરં ...... શ્રી રામ
શિર મુકુટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભુષણં,
અજાનુભુજ શર ચાપ ધર સંગ્રામ જિત ખર દુષણં .......... શ્રી રામ
ભજ દિનબંધુ દિનેશ દાનવ, દલન દુષ્ટ નિકંદનં,
રઘુનંદ આનંદ કંદ કૌશલચંદ દશરથ નંદનં .................. શ્રી રામ
ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મનરંજનં,
મમ હૃદય કંજ નિવાસ કરૂ કામાદિ ખલદલ ગંજનમ ....... શ્રી રામ

**(બિન હરી કૃપા સત્સંગ ન હોઇ)**

### અથ શ્રી રાગ પ્રભાતના કીરતન પ્રભાત .... ૧

કૃષ્ણજી કૃષ્ણજી કહેતા, ઉઠો રે પ્રાણી,
કૃષ્ણજીના નામ વિના, મિથ્યારે વાણી .. કૃષ્ણજી ટેક.
પ્રભાતે ઉઠીને લીજે. કૃષ્ણજીનું નામ,
કૃષ્ણજીયે વાસ્યું રૂડું, ગોકુલીયું ગામ ... કૃષ્ણજી ............ ૧
કૃષ્ણજી માતા રે હમારે, કૃષ્ણજી તાત,
સગાને સહોદર મ્હારે, કૃષ્ણજી ભ્રાત .. કૃષ્ણજી ................ ૨
કૃષ્ણજીયે મામો માર્યો, માસી સંહારી,
પોતાના જાણીને હરિયે, મુગતિ આપી .. કૃષ્ણજી ............. ૩
કૃષ્ણજીએ અજામીલ તાર્યો, મહા હાતો પાપી,
એક કોલીએ કૌતુક કીધું, તને અચલ પદવી આપી .. કૃષ્ણજી ... ૪
કૃષ્ણજીયે ગુણકા તારી, અહલ્યા ઉદ્ધારી,
કૃષ્ણજીના નામ ઉપર, જાઉં બલીહારી .. કૃષ્ણજી ............. ૫
દાસલડાં ભણેરે હરિની, ભગતિ જાણી,
મહેતા નરસૈયાના સ્વામીની બોલો, અમરિતવાણી .. કૃષ્ણજી .. ૬

## શ્રી હનુમાન ચાલીસા

**॥ દોહા ॥**

શ્રી ગુરુ ચરન સરોજ રજ, નિજ મન મુકુર સુધારિ ।
બરનઉ રઘુબર બિમલ જસું, જો દાયકું ફલ ચારિ ॥
બુધ્ધિહીન તનુ જાનિકે, સુમિરો પવન કુમાર ।
બલ બુદ્ધિ બિધા દેહુ મોહિ, હરસું કલેસ બિકાર ॥

## ચોપાઈ

જય હનુમાન જ્ઞાન ગુણ સાગર, જય કપીસ તિહું લોક ઉજાગર ।
રામદુત અતુલિત બલ ધામા, અંજનિ પુત્ર પવનસુત નામા ॥
મહાબીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી ।
કંચન બરન બિરાજ સુબેસા, કાનન કુંડલ કુંચિત કેસા ॥
હાથ બ્રજ ઔર ધ્વજા બિરાજે, કાંધે મુજ જનેઉ સાંજે ।
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહાજગવંદન ॥
વિધાવાન ગુની અતિ ચાતુર, રામ કાજ કરિબે કો આતુર ।
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા, રામ લખન સીતા મન બસિયા ॥
સુક્ષ્મરૂપ ધરી સિયહી દિખાવા, બિકટ રૂપ ધરિ લંક જલાવા ।
ભીમ રૂપ ધરી અસુર સંહારે, શ્રી રામચંદ્ર કે કાજ સંવારે ॥
લાય સજીવન લખન જીયાયે, શ્રી રધુવીર હરષી ઉર લાયે ।
રઘુપતિ કિન્હી બહુત બડાઇ, તુમ મમ પ્રિય ભરત સમ ભાઇ ॥
સહસ્ત્ર બદન તુમ્હારો જસ ગાવે, અસ કહિ શ્રી પતિ કંઠ લગાવે ।
સનકાદિક બ્રહ્માદિ મુનીસા, નારદ સારદ સહિત અહિંસા ॥
જમ કુબેર દિગપાલ જહાં તે, કબિ કોબિદ કહિ શકે કહા તે ।
તુમ ઉપકાર સુગ્રીવહિ કીન્હા, રામ મિલાય રાજપદ દીન્હા ॥
તુમ્હારો મંત્ર વિભીષન માના, લંકેશ્વર ભયે સબજગ જાના ।
યુગ સહસ્ત્ર જોજન પર ભાનુ, લીલ્યો તાહી મધુર ફલ જાનું ॥
પ્રભુ મુદ્રિકા મેલી મુખ માહી, જલધિ લાધી ગયે અચરજ નાહિ ।

દુર્ગમ કાજ જગત કે જે તે, સુગમ અનુગ્રહ તુમ્હારે તે તે ॥
રામ દુલારે તુમ રખવાલે, હોત ના આજ્ઞા બિનુ પૈસા રે ।
સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના ॥
આપન તેજ સમ્હારો આપે, તીનો લોક હાક તે કાંપે ।
ભૂત પિસાચ નિકટ નહી આવે, મહાવીર જબ નામ સુનાવે ॥
નાસે રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત બીરા ।
સંકટ સે હનુમાન છુડાવે, મન કર્મ બચન ધ્યાન જો લાવે ॥
સબ પર રામ તપસ્વી રાજા, તિનકે કાજ સકલ તુમ સાજા ।
ઔર મનોરથ જો કોઇ લાવે, સોઇ અમિત જીવન ફલ પાવે ॥
ચારો જુગ પરતાપ તુમ્હારા, હે પરિસિધ્ધ જગત ઉજીયારા ।
સાધુ સંત કે તુમ રખવાલે, અસુર નિકંદન રામ દુલારે ॥
અષ્ટ સિદ્ધ નૌ નિધિ કે દાતા, અસબર દિનકી જાનકી માતા ।
રામ રસાયણ તુમ્હારે પાસા, સદા રહો રઘુપતિ કે દાસા ॥
તુમ્હારો ભજન રામ કો પાવે, જનમ જનમ કે દુઃખ બિસરાવે ।
અંત કાલ રઘુબર પુર જાઇ, જહાં જન્મ હરિ ભક્ત કહાઇ ॥
ઔર દેવતા ચિત્ત ન ધરઇ, હનુમંત સેઇ સર્વે સુખ કરઇ ।
સંકટ કટે મિટે સબ પીરા, જો સુમિરે હનુમંત બલબીરા ॥
જય, જય, જય હનુમાન ગોસાઇ, કૃપા કરહુ ગુરુ દેવકી નાઇ ।
જો સતબાર પાઠ કરે કોઇ, છુટહી બંદી મહાસુખ હોઇ ॥
જો યહ પઢે હનુમાન ચાલીસા, હોય સિદ્ધિ સાખી ગૌરીસા ।
તુલસીદાસ સદા હરિ ચેરા, કીજે નાથ હૃદય મહીં ડેરા ॥

## ॥ દોહા ॥

પવન તનય સંકટ હરન, મંગલમૂરતિરૂપ,
રામ લખન સીતા સહિત હૃદય બસહુ સુર ભુપ

**અભિમાની બનવા કરતાં સ્વાભિમાની બનો.**

ડોશીઓ ચાલી ભજન માહી,
દિકરા ને દિકરી પરણાવી દઇ, બધી ઉપાધી મટી રે ગઇ,
પાસે પૈસો રહ્યો નહિ, ડોશી કહે આપણે જઇશું કઇ,
ડોશો કહે તારે ગભરાવું નહી,આપણે જઇશું દિકરાની તઇ,
વહુ કહે અહિં આવશો નહિ, તમારા દિકરાનું ચાલશે નહિ,
તમારી પાસે પૈસા નહિ, તમને રોટલા મળશે નહિ,
ડોશી કહે આપણે જઇશું કઇ, ડોશો કહે તારે ગભરાવવું નહી,
આપણે જઇશું દિકરી ને તઇ, જમાઇ કહે ગરબડ નહિ,
તમારી દિકરીનું ચાલશે નહિ, તમને રાખશે કોઇ નહિ,
તમારી પાસે પૈસા નહિ
ડોશી કહે આપણે જઇશું કઇ, ડોશો કહે તારે ગભરાવવું નહિ
આપણે જઇશું વ્રજ ની માંહિ, ભજન કરીને રહીશું તઇ
માટે દલ્લો રાખજો સહી, નહીં તો ખત્તા ખાશો અહી
ડોશીઓ ચાલી ભજનની માંહી

---

**આળસ એ જીવતાં માણસની કબર છે.**

---

**ઈર્ષા માણસને એવી રીતે ખાઈ જાય છે, જેવી રીતે લાકડાને ઉધઈ.**

આંખ મારી ઉઘડે ત્યાં સીતારામ દેખું
ધન્ય મારુ જીવન કૃપા એની લેખું...આંખ મારી
રામકૃષ્ણ રામકૃષ્ણ સરના ઉચ્ચારે
હરિનો આનંદ મારે અંતર આવે...આંખ મારી
રામાયણ-ગીતા મારી અંતરની આંખો
હરિએ દીધી છે મને ઉડાવાની પાંખો...આંખ મારી
રામના વિચારો મારે અઢળક નાણું
ગાવું મારે નિશદીન રામનું જ ગાણું...આંખ મારી
પ્રભુના ભક્તો મારા સગાને સંબંધી
છૂટી ગ્રંથિ તૂટી મારી માયાની બંધી...આંખ મારી
શુદ્ધ ભક્તિ વધે મારી પૂર્ણિમા જેવી
સાધુ સંતો આશિષ સદા દેજો એવી ( ૨ )
જેણે રે શ્રી રામ ચરણ સર ચાખ્યો,
એણે રે સંસારને મિથ્યા કરી નાંખ્યો...આંખ મારી
એ રસ ધ્રુવ-પ્રહલાદે રે ચાખ્યો
એ રસ અંબરિષે હૃદીયામાં રાખ્યો ( ૨ )
આ રસને જાણે છે શુકદેવ જોગી
કંઇક જાણે છે પેલો નરસૈયો ભોગી...આંખ મારી

**મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે.**

**પ્રેમ અને સહકારથી ભરેલું કુટુંબ ધરતી પરનું સ્વર્ગ છે.**

પટેલ પ્રહલાદભાઈ ડાહ્યાભાઈ



મુદ્રક : વાસ્વી - વડોદરા, મો. ૯૮૨૫૯૭૭૯૭૬